જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૧૦/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૦૧૮/૧૪**

### મોટર સાયકલો તથા મોબાઇલ ચોરીના ગુન્હા આચરનાર બે આરોપીઓને મુદ્દામાલ સહીત ઝબ્બે કરતી એસ.ઓ.જી. ક્રાઇમ પોલીસ.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી, એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એચ.સરવૈયા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ આગામી દિવાળીના ધાર્મિક તહેવાર અનુંસધાને નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પો.સ.ઇ. શ્રી સી.બી.ગામીત નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી.દરમ્યાન ફરતા ફરતા નારોલ સર્કલ પાસે આવતા પો.કો.સમીરસિંહ પ્રતાપસિંહ તથા પો.કો. જગદીશસિંહ ભરતસિંહ નાઓ ની સંયુક્ત બાતમી હકીક્ત આધારે (૧) ઇરફાનઅલી ઉર્ફે ચોર અરમાનઅલી સૈયદ રહે. મકાનનં.ર, મદનીપાર્ક, સૈયદવાડી, વટવા, અમદાવાદ,શહેર (૨) સરફરાજખાન કુદરતખાન પઠાણ રહે.નુરનગર મકાન નં.૧૫ ગોલ્ડન સીનેમાની પાછળ વટવા અમદાવાદ નાઓ ને હીરો હોન્ડા મો.સા. જીજે-૦૧એલએફ- ૦૫૬૯ કી. રૂ. ૨૦૦૦૦ તથા હીરો હોન્ડા પેશન પ્લસ નં. જીજે-૦૧ ઇએલ- ૨૮૪૯ કી.રૂ. ૧૮૦૦૦ તથા ચોરીના અલગ અલગ કંપની ૬ મોબાઇલ ફોન કિ.રૂ. ૮૯,૭૦૦/- કુલ્લે કિ.રૂ. ૧,૨૭,૭૦૦/- ના મુદ્દામાલ સાથે પકડેલ અને ખાત્રી કરતા મો.સા.નં. જીજે-૦૧ એલ એફ – ૦૫૬૯ બાબતે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૩૨૭/૧૪ ઇપીકો ૩૭૯ મુજબ તથા મો.સા. નં. જીજે-૦૧ ઇએલ- ૨૮૪૯ બાબતે વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૯૯/૧૪ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબ તથા મળી આવેલ મોબાઇલ બાબતે વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૯૬/૧૪ ઇપીકો કલમ ૪૫૪,૩૮૦ મુજબ ના ગુન્હા નોધાયેલ હોવાની હકીકતજાણવા મળેલ છે. જેથી બન્ને આરોપીઓને આજરોજ તા.૦૮/૧૦/૨૦૧૪ કલાક ૧૦.૩૦ વાગે સી.આર.પી.સી. કલમ. ૪૧(૧)એ મુજબ અટક કરવામાં આવેલ છે. આરોપી નં.૧ નાનો અગાઉ રખીયાલ, ખાડીયા, વસ્ત્રાપુર, સોલા, વટવા પોલીસ સ્ટેશન ખાતે બાઇક ચોરીમાં તથા નં.ર અગાઉ રખીયાલ પો.સ્ટે. લોખંડ ચોરી તેમજ વટવા પો.સ્ટે મારા-મારીના ગુન્હામાં પકડાયેલ છે. વધુ તપાસ અર્થે વટવા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામાં આવેલ છે.

**વટવા પોસ્ટે :-**

વટવા પો.સ્ટે.સે.ગુ.ર.નં ૩૪૪૫/૧૪ ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનીયમ ૨૦૧૧ ની કલમ ૫,૬,૬(ક)(૧)(૨)(૩),૮ તથા પશુ પ્રત્યાધાતકી પણાની કલમ ૧૮૮ઈ એલ.જી.પી એક્ટ ૧૧૯ મુજબ મુજબ ના કામના આરોપીઓ (૧ યાસીનભાઈ સ/ઓ ગફુરભાઈ વ્હોરા ઉવ-૩૯ રહે- અમન પાર્ક સોસા. ખાત્રજ ગેટની બહાર (૨) યાસીનખાન સ/ઓ અહેમદખાન પઠાણ ઉવ-૩૬ રહે-૧૫૫૧ રાવળવાસ તા- મહેમદાવાદ જી-ખેડા (૩) મહેજીદઆલમ સ/ઓ ઈસરા હુસેન શેખ ઉવ-૩૭ રહે-૧૮, આમીના પાર્ક પંપીંગ સ્ટેશનની પાસે વટવા અ'વાદ નાઓને સીની.પો.ઇન્સ. શ્રી એચ.જે.ચૌધરી સા.નાઓએ તા.૦૭/૧૦/૨૦૧૪ ના કલાક ૧૫/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.